# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ · suratdeo@gmail.com

web :- www.suratdeo.org


જા.નં/મા-૨/૨૦૨૫/12042 તા08/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ તરફ

**વિષય** :-પ્રિ-સ્કુલ અને ફાઉન્ડેશનલ સ્ટેજના ઈન સર્વિસ શિક્ષકોની સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમ માટેનાં સેમિનારના આયોજન બાબત.

**સંદર્ભ** :-રજીસ્ટાર ચિલ્ડ્રનસ રીસર્ચ યુનિવર્સીટી ગાંધીનગરના તા.૦૪-૧૦-૨૦૨૫ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રિ-સ્કુલની મંજૂરી મેળવવી ફરજીયાત થયેલ છે, આથી જુનિયર, સીનીયર અને બાલવાટિકા વિભાગનાં શિક્ષકો પૂર્ણ લાયકાત ધરાવતા થાય તે માટે સુરત જિલ્લામાં પ્રથમવાર પ્રિ-સ્કુલ અને ફાઉન્ડેશનલ સ્ટેજના ઈન સર્વિસ ( જુનિયર,સીનીયર અને બાલવાટિકા ) શિક્ષકોની સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમ માટેના **સેમિનારનું આયોજન નીચે દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે કરવામાં આવેલ છે,** આ સેમીનારમા શ્રી ટી.એસ.જોષી સાહેબ-વાઈસ ચાન્સેલર, ચિલ્ડ્રન યુનીવર્સીટી ગાંધીનગર તથા તેમના રજીસ્ટારશ્રી અને દક્ષિણામૂર્તિ બાળ કેળવણી રિસોર્સ સેન્ટર,ભાવનગરનાં ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી અને અધ્યાપકશ્રી આ સેમિનારમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. ચિલ્ડ્રન યુનિવર્સીટી દ્વારા નક્કી કરેલ દિવસોની તાલીમ લેનાર શિક્ષકોની ચિલ્ડ્રન યુનિવર્સીટી દ્વારા પરીક્ષા યોજવામાં આવશે, જેમાં ઉત્તીર્ણ થનાર શિક્ષકોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે,જે પ્રિ-સ્કુલના વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય કરવા માટે માન્ય ગણવામાં આવશે.જેથી ઉપરોક્ત સર્ટીફીકેટ કોર્ષ અંતર્ગત તાલીમનાં માર્ગદર્શન સેમિનારમાં રજીસ્ટ્રેશન કરવા માટે નીચે દર્શાવેલ QR કોર્ડ અથવા આપેલ લિન્કમાં ઉપસ્થિત રહેનાર સંચાલકશ્રી,શિક્ષકોની માહિતી ભરવાની રહેશે.આ સેમિનાર માર્ગદર્શન માટે હોય,દરેક પ્રિ-પ્રાયમરી શાળાના આચાર્યો તથા સંચાલકોને માર્ગદર્શન લેવા અનુરોધ છે.

**મીટીંગનું સ્થળ :-આર.ડી.ઘાએલ જીવનભારતી માધ્યમિક શાળા,રંગભવન હોલ, નાનપુરા,સુરત**

**તારીખ :- ૧૧-૧૦-૨૦૨૫ (શનિવાર )**

**સમય :- સવારે ૯-૦૦ થી ૧૨-૦૦**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

https://docs.google.com/spreadsheets/d/1cbT1QWfcJXp893ACuuX75XntQApMxB728AEi6JHmQt0/edit?usp=sharing

Scanned with OKEN Scanner